# કલ્ચરલ ફોરમના પુસ્તકમેળાનો પ્રારંભ








'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' આયોજિત ગ્રીષ્મોત્સવ અંતર્ગત યોજાયેલ પુસ્તકમેળાનું ઉદ્‌ઘાટન ગુજરાતી સાહિત્ય અકાદમીના ચેરમેન પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાના વરદ્ હસ્તે કરાયું હતું. ઉદ્‌ઘાટનના થોડાંક જ કલાકો બાદ રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ પુસ્તકમેળાની મુલાકાત લીધી હતી. બંને પ્રસંગોએ પ્રકાશકોએ બંને મહાનુભાવોનું પુસ્તક આપી અભિવાદન કર્યું હતું. શુક્રવાર અને શનિવારે બપોરે ૩ થી ૮ કલાક દરમિયાન સંખ્યાબંધ પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લઈ પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યા હતા. આ પુસ્તકમેળામાં રાજયના ખૂબ જ જાણીતા દસ પ્રકાશકોના લોકપ્રિય પુસ્તકો મુકાયા છે. ઈન્ફોસિટી કલબના પરિસરમાં યોજાયેલ પુસ્તકમેળો રવિવારે આખો દિવસ ખુલ્લો રહેશે.

## જન્મદિને વધામણી



પી એચ ગોહિલ
એડવોકેટ, એક્ઝી. કમિટી મેમ્બર, શિવરંજની સંસ્થા



બી બી સિંઘ



અખિલેશ તિવારી
મો. ૯૯૨૫૯ ૧૦૨૪૮



પ્રાર્થી
કમલેશભાઈ પ્રજાપતિ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



અલય હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

## સંસ્કાર ગૃપ દ્વારા આજે મધર્સ ડેની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૨

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગૃપ રવિવારે મધર્સ ડેની ઉજવણી અને પુસ્તક વાચન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો જણાવતાં ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે મધર્સ ડેની ઉજવણી અને પુસ્તક વાચનની પ્રવૃત્તિ રવિવાર, તા. ૧૩ ડિસેમ્બરના રોજ સાંજે ૬.૩૦થી ૭.૩૦ કલાક દરમિયાન જાહેર ઉદ્યાન, સૅક્ટર-૭ ખાતે યોજવામાં આવશે. સંસ્થાનાં સભ્ય બાળકો ઉપરાંત રસ ધરાવતાં નગરનાં સૌ બાળકોને આ પ્રવૃત્તિઓમાં જોડાવા માટે તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

### ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયને

## જીટીયુ દ્વારા વિશેષ ઍવોર્ડ એનાયત




ગાંધીનગર, તા. ૧૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન સ્ટુડન્ટ સપોર્ટિંગ એક્ટવિટીઝમાં રાજ્ય કક્ષાએ ઉમદા નોંધપાત્ર પરફોર્મન્સ અને આયોજન બદલ ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા વિશેષ ઍવોર્ડ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

જીટીયુ દ્વારા ૨૦મા રાષ્ટ્રીય ટૅકનોલૉજી દિવસની ઉજવણી પ્રસંગે બીવીઍમ ઍન્જિનીયરિંગ કૉલેજ દ્વારા વિદ્યાર્થીલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઈનોવેશન, સ્ટાર્ટ અપ, ઈન્ક્યુબેશન, આઈડીપી, યુડીપી, આઈડીયાથોન, પ્રોજેક્ટ એક્ષ્પો, સ્માર્ટ ગુજરાત હેકેથોન ફોર ન્યુ ન્યુ ઈન્ડિયા, રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ યાત્રા, ઉડાન ટૅકનીકલ ફૅસ્ટિવલ, રિસર્ચ પૅપર પ્રેઝન્ટેશન તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ ઉપરાંત સ્માર્ટ ઈન્ડિયા હેકેથોનમાં રાજ્ય તથા રાષ્ટ્રકક્ષાએ ભાગ લઈ વિજેતા થવતા બદલ વિશેષ સન્માન આપવામાં આવ્યું. આ પ્રસંગે જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. નવિન શેઠ, અદાણી ગૃપના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ સ્નેહલ દેસાઈ, રાષ્ટ્રીય ડિઝાઈન ઍકેડેમીના ડૉ. ભાસ્કર ભટ્ટ તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના આ સિદ્ધિ બદલ ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ તથા અન્ય હોદેદારોએ બીવીઍમ કૉલેજના તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત એન પટેલે જણાવ્યું હતું કે બીવીઍમના વિઝન ૨૦૨૨ના લક્ષ્યાંકોમાં આ પ્રકારની સંસ્થાની સિદ્દિ સરાહનીય છે તથા બીવીઍમ કૉલેજના ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટીટ્યુટ ઈન્ટરેક્શન સેલના સંયોજક ડૉ. એલ બી ઝાલા, એસએસઆઈપીના નોડલ ઓફિસર ડૉ. ભાર્ગવ ગોરડિયા, કલ્ચરલ કન્વીનર પ્રૉ. બી એસ પટેલ, ટેકનીકલ ઈવેન્ટ્સના કન્વીનર પ્રૉ. અમીત ભાવસાર, પ્રૉ. આકાર રોગલિયા, જતન પટેલ (જીએસ), મેઘા પટેલ (એલઆર) ઉપરાંત દરેક વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના ૩ વિદ્યાર્થીઓ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ઝળક્યા







ગાંધીનગર, તા. ૧૨

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના ૩ વિદ્યાર્થીઓ તાજેતરમાં જાહેર થયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા ગુજકેટ-૨૦૧૮ના પરિણામમાં ઝળક્યા છે.

વ્યોમ એચ સરસાવાડિયા, ખુશી એમ પટેલ અને અર્પિત આર વાઘેલાએ સખ્ત મહેનત અને ખંતથી ઉ.મા.પ્ર પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ) તથા ગુજકેટ-૨૦૧૮ની પરીક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરી એ-૨ ગ્રેડ હાંસલ કરી પોતાનું, માતાપિતાનું તથા સંસ્થાનું નામ રોશન કર્યું છે. શાળાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા તથા કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સીપાલ જે બી વામજાએ ત્રણેય વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરે ૧૫ મે સુધી અનોખા અર્ઘ્યનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગુણવંતી ગૂર્જર ભુમીના મહાનગર – હેરીટેજ સીટી અમદાવાદના દક્ષીણે આવેલા મણિ સમ સોહતા મણિનગરમાં લાખ્ખો શ્રદ્ધાળુઓનું આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિર છે. તેમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન – શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજને અપરા એકાદશીના શુભ દિને શીતળ ચંદનના કલાત્મક વાઘાનો નયનરમ્ય શણગાર ધારણ કરવામાં આવ્યો હતો. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગ્રીષ્મ ઋતુ દરમિયાન ભગવાનને ઠંડક-શીતળતા પ્રાપ્ત તદર્થે સંતો-ભક્તો દ્વારા ચંદન કાષ્ટને ઘસી અને તેના વિશિષ્ટ



શણગાર ભગવાનને ધારણ કરાવવામાં આવે છે. શીતળતા આપવામાં શિરમોડ એવું ચંદન ભગવાનને ગરમીથી રાહત મળે તે પૂજનીય પૂજારી સંતો કલાત્મક ચંદન વાઘા – શણગાર અર્ઘ્ય અર્પણ કરતા હોય છે. ચંદન એ સમર્પણનું પ્રતીક છે.તે ઘસાય છે છતાં પણ સુગંધ આપે છે અને માનવજીવનમાં ભગવાનની કસોટીમાં પણ પોતાના સદ્ગુણો જાળવી રાખવાની પ્રેરણા આપે છે. વૈશાખ સુદ ત્રીજ – અક્ષય તૃતીયાથી લઈ વૈશાખ વદ અમાવાસ્યા સુધી ભગવાનને મનોરમ્ય અને કલાત્મક ચંદનના વાઘા પહેરાવવામાં આવે છે. જેનાં દર્શન કરી સંતો-ભક્તો, ભાવિકો ગ્રીષ્મ ઋતુમાં અંતરીક શીતળતા અનુભવે છે. આ પાવનકારી દિવસોમાં સંધ્યા આરતી બાદ ભગવાનને ધરાવેલ ચંદન ઉતારી લેવામાં આવે છે. અને ચંદનની ગોટી બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ નિત્યપૂજામાં સંતો-ભક્તો તિલક કરવા માટે કરે છે. જેને કારણે ભગવાનનું પ્રસાદીભૂત ચંદન સદાય તેમના ભાલે સોહે છે, પવિત્રતા તથા શીતળતાનો સંચાર થાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં માણસો ગરમીથી બચવા માટે કેપ, ગોગલ્સ, સુતરાઉ કપડાં પહેરે છે ત્યારે ભૂમંડળ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં દર્શનદાન અર્પતા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન–શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરીકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના વિશિષ્ટતા સભર શણગાર ધરાવ્યા હતા.

## મનની વાતો શેર કરશો તો ડિપ્રેશનનો ખતરો ટળી શકશે

જિનિવા, તા.૧૧

વિશ્વ આરોગ્ય સંસ્થાના વર્ષ ૨૦૧૭ના અહેવાલ મુજબ ભારત જેવા વિકાસશીલ દેશમાં દર પાંચમાંથી એક મહિલા પોસ્ટપાર્ટમ ડિપ્રેશનથી પીડાતી હોય છે ત્યારે એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે જો કોઈ પણ વ્યકિત અન્ય વ્યકિત અથવા પરિવારના સભ્યો સાથે તેના મનમાં રહેલી વાતો હળવા મનથી કરે તો તેને પોસ્ટપાર્ટમ ડિપ્રેશનનો ખતરો ટળી શકે તેમ છે.

આ અંગે જાણકારોનું માનવું છે કે આવી સમસ્યા સંયુકત પરિવાર તૂટવાના કારણે વધી છે, જે લોકો સંયુક્ત પરિવારમાં રહે છે તેવા લોકોમાં આવી સમસ્યા ઓછી જોવા મળે છે, કારણ આવા પરિવારમાં રહેતા લોકો એકબીજાની વાતો આસાનીથી કરતા હોય છે અને તેમની વચ્ચે થતા સંવાદના કારણે તેઓને આવી સમસ્યા થવાની શક્યતા ખૂબ જ નહિવત્ રહે છે અને તેથી જ સંયુક્ત પરિવારમાં રહેતા લોકો કરતાં વિભકત પરિવારના લોકોનું સ્વાસ્થ્ય સારું રહે છે.

માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કામ કરતા આરોગ્યસિદ્ધિ ફાઉન્ડેશનના અધ્યક્ષ અને જનસ્વાસ્થ્ય નિષ્ણાત ભૂપેશ દીક્ષિતે જણાવ્યું કે સમાજમાં છોકરીઓને નિર્ણય લેવાની પૂરેપૂરી આઝાદી આપવામાં આવી નથી, જેના કારણે તેમનામાં લઘુતાગ્રંથિની ભાવના વધુ જોવા મળે છે, જે ભવિષ્યમાં તેમનામાં ડિપ્રેશનની સમસ્યા ઊભી કરી શકે છે.

ખાસ કરીને મહિલાઓએ પ્રસૂતિ બાદ જ નહિ પણ ગર્ભાવસ્થાથી લઈને ત્રણ વર્ષ સુધી ખાસ સંભાળ રાખવાની હોય છે. આવી હાલતમાં તેમને લાગણીની ખાસ આવશ્યકતા રહે છે. તેથી આવા સમયે મહિલાઓ સાથે પ્રેમપૂર્વક વાતચીત કરવી જોઈએ અને તેમની સાથે લાગણીપૂર્વક વર્તન રાખવાથી તેઓ આવી સમસ્યાનો ભોગ બનતાં અટકી શકે તેમ છે.

એક અંદાજ મુજબ ૨૦ ટકા મહિલાઓ પ્રસૂતિ બાદ સતત તેના બાળકની ચિંતામાં રહે છે અને આવી સ્થિતિમાં કોઈ મહિલાઓ પોસ્ટમોર્ટમ ડિપ્રેશનનો ભોગ બની શકે છે. તેથી તેમને આવી હાલતમાંથી બચાવવા માટે સારી રીતે વાત કરવી જોઈએ.

# મા વગરનું ઘર કે ઘર વગરની મા ક્યાંય ના થશો

વસે સદાય
હેતાવળી માવડી
મનમંદિરે

●

માતૃ ચરણે
શત શત વંદના
માતૃદિવસે

●

શિખવ્યા પ્રેમે
પાઠ સૌ સ્વાશ્રયના
માયાળુ માએ

●

બની શ્રવણ
કરો સેવા સુશ્રુષા
માતાની સદા

●

માંગુ આટલું
આવો દયાળુ પ્રભુ
આ માદા સદા

●

યાદ કરીએ
માના ઉપકારોને
માતૃદિવસે

●

મળે ઐશ્વર્ય
માના આશિષ થકી
વાત્સલ્યમયી

વિશ્વજનેતા
મળી માતા સ્વરૂપે
માયાળુ બની

●

છું ભાગ્યશાળી
પામ્યો માયાળુ માતા
પ્રભુકૃપાએ

●

પૂજાય સદા
હેતાળવી માવડી
ગૃહમંદિરે

●

વિશ્વ આખામાં
નથી કોઈ મા જેવી
મમતામયી

●

યાદ છે હજુ
હાલરડાં સૂણ્યાનું
માતાના મુખે

●

અકલ્પનીય
મળ્યું ઐશ્વર્ય મને
માના આશીષે

●

સૌ ઉપકૃતો
કરે માતૃવંદના
માતૃદિવસે

- ઈશ્વરલાલ દેશવંકર જોષી

### પ્રસંગસર

પી. એમ. પરમાર

એ સ્નેહની સરિતા છે, કરૂણાની કવિતા છે, વહાલસોયી વનિતા છે, સર્જનહારનીય સવિતા છે, ઘરની ગરિમા છે, કુટુંબ માટે કરિશ્મા છે, ફરજન માટે ફરિશ્તા છે, બધાની બલિહારી છે. સૌ કોઈના વંદન-પ્રણામની અધિકારી છે, પ્રેમની યુનિવર્સિટી છે, બાળકોની પાઠશાળા છે, સહનશક્તિની સર્વોચ્ચ પરાકાષ્ટા છે, અધિષ્ઠાતાની અધિષ્ઠાત્રી છે, એ ગંગોત્રી છે, જમનોત્રી છે જેનાં ચરણોમાં જ ચાર ધામ છે, એનું નામ છે મા.

એ સંતાનોના ઉછેર માટે પડતા દુખને જ સુખ માને છે, એક રોટલો હોય ત્યારે ચાર સંતાનોમાં ચાર ભાગ પાડી જમાડે છે, એવું કહીને આજે તો મારે ઉપવાસ છે. ધન્ય છે આ માવડીને. એ જ્યારે પોતાનું મંગળસૂત્ર ગિરવે મૂકી દીકરાને મંગળસૂત્ર પહેરનારી લાવી આપે ત્યારે એ જનેતાને સો સો સલામ થઈ જ જાય છે, કોઈ મા દીકરાને ભણાવવા વાસણ-કપડાં-પોતાં કરે ત્યારે આંખના ખૂણા ભીના થઈ જાય છે જેનું મૂલ્ય ગંગાજળથી ઓછું નથી હોતું. એટલે તો કહ્યું છે કે મા તે મા.

એ ક્યાંક શ્રીકૃષ્ણની જશોદા, શ્રીરામની કૌશલ્યા, પાંડવોની કુંતા, કૌરવોની ગાંધારી, હનુમાનજીની અંજનિ, ભીષ્મપિતાની ગંગા, શ્રવણની સોમવતી, ભરતની શકુંતલા, લવકુશની સીતા અને શિવાજી માટે જીજાબાઈ સ્વરૂપે અવતાર ધારણ કરી સંતાનો માટે જે બલિદાન આપે છે એ જાણ્યા પછી તો ચોક્કસ કહેવું જ પડશે કે ખુદ ભગવાન આ સંસારમાં બધે પહોંચી ના વળ્યા એટલે એમણે માનું સર્જન કર્યું.

એ રડવાનું હોય ત્યારે ડૂસકે ડૂસકે રડી લે છે પણ ઘરમાં કોઈનેય રડવું ના પડે એ માટે જાગૃત રહે છે. એનો સાડલો આંસુ લૂછવાનો, બાળકોનાં મોં સાફ કરવાનો, જમાડતી વખતે વાસણો સાફ કરવાનો, ઘરની તિજોરીની ચાવી બાંધવાની, બીજાંનાં આંસુ લૂછવાનો એટલો બધો મલ્ટીપર્પઝ બની જાય છે કે એ સાડલાનો પાલવ સ્પર્શ થઈ જાય ને તો પછી મંદિરે જવાની જરૂર રહેતી નથી. માતાની ચુંદડી કરતાંય આ માની સાડીનાં મૂલ મોંઘેરાં છે એવું સંતાનો સમજશે ત્યારે કોઈ મા વૃધ્ધાશ્રમમાં નહીં હોય.

એ મા વગર સૃષ્ટિમાં કોઈનો જન્મ થતો જ નથી. જનનીની જોડ સખી નહીં જડે રે લોલ અને ભૂલો ભલે બીજું બધું માબાપને ભૂલશો નહીં, કવિતા જો સંતાનો યાદ રાખશે તો દુખના દા'ડા નહીં આવે. વેદ પણ કહે છે માતૃદેવો ભવ. દરેક માના હાથ પારસમણિની તાકાત ધરાવે છે, જેને માના આશીર્વાદ ફળ્યા છે એ મહામાનવ બન્યા છે ત્યારે આવો માતૃદિવસો જગતભરની એ જનનીઓના ચરણોમાં વંદન કરી ભગવાનને પ્રાર્થના કરીએ કે ક્યાંક પણ ઘર વગરની મા કે મા વગરનું ઘર ના હોય. તમામ માતાઓને આ દીકરાના પ્રણામ.




### માતૃવંદના

અસહ્ય વેદના વેઠી જાતે, જન્મ આપ્યો મને તમે.
ઉઘડ્યાં નયન મારા જ્યારે, વાત્સલ્યવર્ષા કરી ત્યારે તમે
મમતાભર્યા ફેરવી કરકમળ મસ્તકે, કરાવ્યું સ્તનપાન સ્નેહથી તમે.
પકડી કોમળ હાથ મારા, શિખવ્યું ચાલતા પ્રેમથી તમે.
કરી નિસ્વાર્થ સેવા સ્વજનોની, સમર્પણની ભાવના જગાડી તમે.
મળે આનંદ વહેંચીને ખાવાથી, ત્યાગની લાગણી ખિલવી તમે.
સાત્વિક ભોજને જીવી નવદાયકા, સંયમનું શ્રેય સમજાવ્યું તમે.
છોડી સ્વાર્થી અપેક્ષાઓ જીવનમાં, સંતોષનું સત્ય સમજાવ્યું તમે.
રાખી સમજ કરી કરકસર, બચતનું મહત્ત્વ સમજાવ્યું તમે.
ભણતર સાથે કરાવી ગણતર, સ્વાશ્રયનો પાઠ ભણાવ્યો તમે.
બની જીવન પ્રેરણા મારી, ઉપકૃત કર્યો જનની તમે.
આપો શુભાશિષ જનેતા મારા, માતૃદિને માતૃવંદના સ્વીકારી તમે.

- ઈશ્વરલાલ દેશવંકર જોષી